# Kon Halave Limdi Ne Kon Julave Pipli Gujarati Lyrics

કોણ હલાવે લીબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ડાળખી…

લીબડીની આજ ડાળ ઝુલાવે, લીબોળી ઝોલા ખાય,
હીચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીલુડી લીબડી હેઠે, બેનીબા હચિકે હીચે……….કોણ…

એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીચકે હીચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીચો……કોણ…

આજ હીચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીચકો ડોલે…..

કોણ હલાવે લીબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે … બેનડી જુલે …ભઇલો ઝુલાવે ડાળખી.

GujaratiLyrics.com